માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ શિક્ષણ વિભાગ હેઠળની જુદી જુદી કચેરીઓને પબ્લીક ઓથોરીટી તરીકે જાહેર કરવા અને જાહેર માહિતી અધિકારી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારી તથા એપેલેટ ઓથોરીટીની નિમણુંક કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપરચ/૧૩૨૦૦૫/૨૩૫૫(૧)/વ.ર.
સચિવાલય, ગાંધીનગર.
તાઃ ૨૫/૧૧/૨૦૦૫

**પ્ર સ્તા વ નાઃ**

કેન્દ્ર સરકારે પસાર કરેલ રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ,૨૦૦૫ દેશમાં જમ્મુ અને કાશ્મીર રાજય સિવાયના તમામ રાજયોમાં તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલી બનેલ છે. આ કાયદાની જોગવાઈઓ અનુસાર દરેક વિભાગે તેના તાબાની કચેરીઓ તથા તેની પાસેથી નોંધપાત્ર ભંડોળ મેળવતી સંસ્થાઓને જાહેર સત્તા મંડળ(Public Authority ) જાહેર કરવાની તથા દરેક જાહેર સત્તા મંડળે પોતાની હસ્તકની માહિતી અરજદારો જેની પાસે માહિતી મેળવવા અંગેની અરજી રજૂ કરી શકે તેવા જાહેર માહિતી અધિકારી(PIO) તથા મદદદનીશ જાહેર માહિતી અધિકારી(APIO)ની નિમણૂંક કરવાની થાય છે. તા.૩/૯/૨૦૦૫ના રોજ સ્પીપા ખાતે યોજાયેલ તાલીમ કાર્યક્રમ દરમ્યાન જુદી જુદી કક્ષાના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ તેમજ ભારત સરકારમાં જે બેઠક થઈ તેમાં અન્ય રાજયો સાથે વિચાર વિમર્શ કર્યા બાદ આ વિષય અંગે સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા તેમના તા.૧૪/૯/૨૦૦૫ના પરિપત્ર ક્રમાંકઃવહસ/૧૦૨૦૦૫/૨૫૫૬/વસુતાપ્ર.ર થી વિગતવાર માર્ગદર્શક સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**ઠ રા વઃ**

માહિતી મેળવવાના અધિકાર બાબતમાં આ અધિનિયમની વિસ્તૃત જોગવાઈઓને અનુલક્ષીને તથા તે સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના ઉપર ઉલ્લેખાયેલ તા.૧૪/૯/૨૦૦૫ના પરિપત્રથી બહાર પાડવામાં આવેલી માર્ગદર્શક સૂચનાઓને અનુલક્ષીને શિક્ષણ વિભાગ તથા વિભાગ હસ્તકના રાજય કક્ષાના ખાતાના વડાઓ, વિભાગીય કચેરીઓના વડાઓ તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓ, તાલુકા કક્ષાની કચેરીઓના વડાઓ, વિભાગ હસ્તકના વિવિધ બોર્ડ/કોર્પોરેશન તેમજ વિભાગ હસ્તકની જુદી જુદી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ સહિત વિભાગના આ તમામ વહીવટી એકમોને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર માહિતી પુરી પાડવાના હેતુસર જાહેર સત્તા મંડળો(Public Authority) તરીકે જાહેર કરવામાં આવેલ છે અને આ વિભાગ હસ્તકના આ જાહેર સત્તા મંડળોમાં આ અધિનિયમની કલમ–૫(૧) અનુસાર પરિશિષ્ટ–૧માં દર્શાવેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને મદદનીશ જાહેર માહિતી અધિકારી(APIO) જાહેર માહિતી અધિકારી(PIO) તથા અધિનિયમની કલમ–૧૯(૧) હેઠળ એપેલેટ ઓથોરીટી તરીકે મુકરર કરવામાં આવેલ છે.

સંબંધિત જાહેર સત્તા મંડળો ધ્વારા કરેલા હુકમોની વિગતો આ સાથે સામેલ કરવામાં આવી છે. આ સંબંધમાં કોઈ ફેરફાર કરવાનો થાય તો તેવા હુકમો કર્યા પછી તેની તાત્કાલિક જાણ શિક્ષણ વિભાગની વ–ર શાખાને કરવાની રહેશે તથા શિક્ષણ વિભાગની વેબ સાઈટ ઉપર જે માહિતી મુકવામાં આવી છે તે યોગ્ય રીતે અદ્યતન કરવાની કાર્યવાહી વેબ સાઈટ વેન્ડર સાથે હાથ ધરવાની રહેશે.

શિક્ષણ વિભાગ હસ્તકની તમામ ખાતાની કચેરી,(વિભાગીય કચેરીઓ, જિલ્લા કચેરીઓ અને તાલુકા કચેરીઓ સહિતી) બોર્ડ/નિગમ/ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના વડાઓએ આ હુકમોને અનુરૂપ જે તે કચેરીમાં સંબંધકર્તા APIO/PIO ના નામ, સરનામા, ટેલીફોન સહિતની વિગતો સાથેના ઔપચારિક હુકમો પ્રમાણે જે તે કચેરીમાં નોટીસ બોર્ડ/નાગરિક અધિકારપત્રમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે મુકવાના રહેશે. દરેક સત્તા મંડળોએ અધિનિયમની જોગવાઈઓ અનુસાર માહિતી માંગતી વ્યકિતઓની વિનંતીઓ અંગે જરુરી તજવીજ કરવી અને આવી માહિતી માંગતી વ્યકિતઓને અધિનિયમની જોગવાઈઓ અનુસાર માહિતી મેળવવામાં વાજબી સહાય કરવાની રહેશે.

આ હેતુસર સંબંધકર્તા જાહેર સત્તા મંડળોએ અધિનિયમની કલમ–૪ અનુસાર જરુરી ૧૭ પ્રકારના નિયમ સંગ્રહોનું સંપાદન, પ્રકાશન અને પ્રસિધ્ધિ કરવાની રહેશે તથા આ હેતુસર જરુર જણાય તે રીતે સમયાંતરે માહિતી અદ્યતન કરીને સ્વતઃ પુસ્તિકાઓ, ફોલ્ડર્સ અને પેમ્ફલેટનું પ્રકાશન કરીને આવી માહિતી ઈન્ફર્મેશન કાઉન્ટર્સ,ઈન્ટરનેટ તેમજ કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર સ્પષ્ટ રીતે નજરે પડે તે રીતે મુકીને સરળતાથી માહિતી ઉપલબ્ધ કરવામાં આવે તે જોવું.

શિક્ષણ વિભાગ હસ્તકના જાહેર સત્તા મંડળોએ આ અંગેની વિગતો GSWAN તથા ભારત સરકારની વેબ સાઈટ ઉપરથી મેળવતા રહીને તેનો અભ્યાસ કરી જરુર મુજબ માહિતી સંબંધકર્તાને પુરી પાડવાની કાર્યવાહી કરવી.

સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૧૦/૨૦૦૫ના જાહેરનામા ક્રમાંકઃજીએસ/૩૦/૨૦૦૬/પીએચએસ/૧૦૦૫/૨૬૬૪/આરટીઆઈ/સેલ,થી માહિતી મેળવવાના અધિનિયમ,૨૦૦૫ની કલમ–૨૭ હેઠળ મળેલ સત્તાની રુઈએ ગુજરાત રાઈટ ટુ ઈન્ફર્મેશન રુલ્સ–૨૦૦૫ બહાર પાડવામાં આવ્યો છે. તેની જોગવાઈઓ ધ્યાનમાં લઈને માહિતી મેળવવા માંગતી વ્યકિતઓની વિનંતીઓ અંગે કાર્યવાહી કરવાની રહેશે તથા તેમાં ઠરાવ્યા મુજબ ફીનું ધોરણ લાગુ પડશે. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૧૦/૨૦૦૫ના પરિપત્રથી સૂચનાઓ આપવામાં આવી છે તે મુજબ નીચે જણાવેલા બજેટ સદરે ફી તેમજ અન્ય ચાર્જીસ જમા કરવાના રહેશે.

| | |
|---|---|
| મુખ્ય સદર | : ૦૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| પેટા મુખ્ય સદર | : ૬૦– અન્ય સેવાઓ |
| ગૌણ સદર | : ૮૦૦–અન્ય આવકો |
| પેટા સદર | : (૧૭) માહિતી મેળવવાના અધિકારનો કાયદો/નિયમો નીચે ફી તથા અન્ય ચાર્જીસની આવક(નવું ખોલવાનું) |

દરેક ખાતાના વડાઓને અને જાહેર માહિતી અધિકારીઓને આથી વિનંતી કરવામાં આવે છે કે તેમને માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ હેઠળ માહિતી મેળવવા અંગે જે અરજીઓ મળે તેની વિગતો ત્રિમાસિક ધોરણે ખાતાના વડાને મોકલવાની રહેશે અને દરેક ખાતાના વડાઓએ તેમની કચેરીમાં મળેલી

આવી અરજીઓની વિગતો સંકલિત કરીને શિક્ષણ વિભાગને જે તે ત્રિમાસ પુરો થયાના બીજા માસની ૫મી તારીખમાં મોકલી આપવાની રહેશે અને તેમાં મળેલ અરજીઓની સંખ્યા તથા જમા કરેલ ફી/અન્ય ચાર્જીસ/ આવકની વિગતો આવરી લેવાય તે રીતે માહિતી મોકલવાની રહેશે.આ અધિનિયમ હેઠળ મળેલ અરજીઓ કયા રજીસ્ટરમાં નોંધવી અને કઈ માહિતી તેમાં આવરી લેવી તેની સૂચનાઓ સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા બહાર પાડવામાં આવી છે. આ અંગેની વિગતો GSWAN ઉપરથી મેળવતા રહીને તેનો અભ્યાસ કરી જરુરી માહિતી મોકલી આપવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

કે.આર.શુકલ
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર. ×
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ. ×
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. ×
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ×
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર. ×
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ ×
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ હેઠળના ખાતાના વડાઓ –
( આ ઠરાવની નકલ તેઓશ્રી હસ્તકની તમામ કચેરીઓને સત્વરે મોકલવાની બોર્ડ/નિગમ/ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ સહિત) વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- વિભાગના સર્વે નાયબ સચિવશ્રીઓ અને ઉપસચિવશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સામાન્ય વહીવટ વિભાગ, વસુતાપ્ર–ર, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ
- વિભાગના જોઈન્ટ સી.ઈ.ઓ. આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર મુકવા અને તેની અત્રે જાણ કરવા સારુ.
- શ્રી સત્યાર્થ શ્રીવાસ્તવ, અદિત માઈક્રોસીસ પ્રા.લી.,૫૦૨–શપથ II રાજપથ કલબ સામે, ગાંધીનગર સરખેજ હાઈવે, અમદાવાદ–

× પત્ર ધ્વારા